सत्यमेव जयते

## અધિક નિયામક

૭૭૦૫૦-૭૭૩
ક્રમાંકઃજીસીઈઆરટી/તાલીમ/બાળમેળા/2026-27/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
"વિદ્યાભવન" સેક્ટર-૧૨, ગાંધીનગર
ઈમેલઃ gcerttraining@gmail.com
તારીખઃ 21 JUL 2026

પ્રતિ,
**પ્રાચાર્યશ્રી,**
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
તમામ

**વિષયઃ- વર્ષઃ2026-2027 માં બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું આયોજન કરવા બાબત**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ **-2020** માં ભલામણ કરી છે કે "**કલા, રમત-ગમત અને વ્યવસાયિક હસ્તકલા સહિતનીવિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓને અભ્યાસક્રમમાં સ્થાન મળે તેમજ કલા, ક્વીઝ, રમત ગમત અને વ્યાસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે**" આ બેગલેસ દિવસના ભાગ સ્વરૂપે વિધાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિ બે વિભાગમાં આયોજિત કરવામાં આવે છે**.** જે પૈકી ધોરણ **1** થી **5** ના વિધાર્થીઓ માટે બાળમેળા અને ધોરણ **6** થી **8** ના વિધાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

આ બાળમેળા અને લાઇફસ્કીલ (જીવન કૌશલ્ય) આધારિત બાળમેળા ની પ્રવૃત્તિઓ દ્વારા વિધાર્થીઓ બાળવાર્તા, માટીકામ**,** રંગપૂરણી, હસ્તકલાની કામગીરી**,** ચીટકકામ**,** કાગળકામ**,** ગળીકામ**,** બાળવાર્તા આધારિત નાટક, વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી જેવી વિવિધ પ્રવૃત્તિઓ અને રમતોના માધ્યમથી વિધાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે**.**

### 1. બાળમેળાના મુખ્ય હેતુઓ-

- વિધાર્થીઓ વિવિધ આનંદદાયી પ્રવૃતિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
- વિધાર્થીઓમાં સહકાર,નેતૃત્વ,લોકશાહીની ભાવના,સાહસિકતા વગેરની ખિલવણી થાય.
- વિધાર્થીઓમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસે.
- વિધાર્થીઓમાં જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય.
- વિધાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓ બહાર આવે.
- વિધાર્થીઓની મનોસામાજીક માવજત થાય.
- વિધાર્થીઓમાં ચોકસાઇ અને ધીરજનો ગુણ વિકસે.

### 2. લાઇફ સ્કીલમેળાના મુખ્ય હેતુઓ-

- વિધાર્થીઓ રોજિંદા જીવનના પડકારોને હકારાત્મકથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતને કુશળતાપૂવર્ક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરી શકે.
- જીવનકૌશલ્યો થકી વિધાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને ખીલવી તેમના વ્યક્તિત્વની સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ,સફળ,સુખમય અને શાંતિમય જીવન જીવતાં શીખે.

- o વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનું વાસ્તવિક જીવન સાથે અનુબંધ જોડાશે તેમજ વધુ ઉન્નત અને બહેતર જીવન જીવવા તૈયાર થાય.
- o પોતાના રોજિંદા જીવનમાં નાના – મોટા પ્રશ્નો જાતે હલ કરવાથી સ્વાવલંબી બને.
- o શાળા અને સમાજ વચ્ચેનો નાતો વધુ વિકસે.

**નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇ બાળમેળા અને લાઇફ સ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.**

- **તા.07-08-2026 ના રોજ બાળમેળો અને તા.08-08-2026 ના રોજ લાઇફસ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે. જેમાં પ્રથમ દિવસે ધો. 1 થી 5 ના બાળકો માટે બાળમેળો અને બીજા દિવસે ધો. 6 થી 8 ના બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.**
- બાળમેળો અને લાઇફસ્કીલ મેળાની પ્રવૃત્તિ માટે ગુજરાત રાજયની સરકારી પ્રાથમિક શાળાઓ, નગર/મહાનગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કે.જી.બી.વી., મોડેલ સ્કૂલનો સમાવેશ કરવાનો રહેશે.
- શાળાના બાળકો વિવિધ પ્રવૃત્તિઓથી અવગત થાય તથા આનંદદાયી અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે હેતુસર શાળામાં બાળમેળો અને લાઇફસ્કીલ મેળા યોજાય તેવું આયોજન કરવાનું રહેશે.
- બાળમેળા અને લાઇફસ્કીલ મેળાની પ્રવૃત્તિ પૂર્વે શિક્ષકે જે તે પ્રવૃત્તિનું નિદર્શન કરાવવાનું રહેશે. ત્યાર બાદ બાળમેળા અને લાઇફસ્કીલ મેળાની જુદી જુદી પ્રવૃત્તિમાં શાળાના દરેક બાળકો ભાગ લઇ શકે તે રીતે જુદા જુદા ગ્રુપમાં રોટેશન મુજબ આયોજન કરવું.
- બાળમેળા અને લાઇફસ્કીલ મેળાબંનેમાં "**ટોક શો**" ની પ્રવૃત્તિમાં નીચે સૂચિત વિષયો આપવામાં આવેલ છે. આ સિવાયના વિષયો આપના અનુભવના આધારે ઉમેરી શકાશે.
  - o **"ટોક શો"ના સૂચિત વિષયોઃ**

    (૧) મારા સપનાનું ભારત | (૨) મારી શાળા મારા વિચારો
    (3) પર્યાવરણ બચાવો દેશ બચાવો | (૪) મારી સામાજિક ફરજ
    (૫) સ્વાથ્ય અને સુખાકારી, | (૬) ટ્રાફીક અવેરનેશ,
    (૭) પોક્ષણયુક્ત ખોરાકનો સ્વીકાર, | (૮) મારી સલામતી સૌની સલામતી,
    (૯) આપણો સાંસ્કૃતિક વારસો, | (૧૦) આપણા ઉત્સવો
    (૧૧) એક ભારત શ્રેષ્ઠ ભારત, | (૧૨) મારૂં કૌશલ્ય – મારું ભવિષ્ય,
    (૧3) ઇન્ટરનેટ અને ટેકનોલોજી – આશીર્વાદ કે અભિશાપ,
- **બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક સૂચિત પ્રવૃત્તિઓ અહીં આપવામાં આવેલ છે. આ સિવાયની પ્રવૃત્તિઓ પણ ઉમેરી શકાશે.**

**(૧) બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓઃ**

| કક્ષા | ધોરણ | બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃતિઓ |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા | 1 થી 5 | બાળવાર્તા, બાળવાર્તા આધારિત નાટક, માટીકામ, છાપકામ, કાતરકામ, ચીટકકામ, ચિત્રકામ, ગડીકામ, રંગપૂરણી, કાગળકામ, બાળ રમતો, એકમિનિટ, પઝલ્સ, હાસ્ય દરબાર, ગીત-સંગીત-અભિનય, પપેટ શો, ગણિત ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના સાદા પ્રયોગો, વેશભૂષા વગેરે પ્રવૃત્તિઓ યોજી શકાશે. |

**(૨) (બાળમેળો) લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓઃ**

| કક્ષા | ધોરણ | લાઇફ સ્કીલમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃતિઓ |
|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6 થી 8 | ફ્યુઝ બાંધવો, સ્ક્રૂ લગાવવો, કુકર બંધ કરવું, ખિલ્લી લગાવવી, ટાયરનું પંચર રીપેર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતું નુક્સાનની સમજ, હાથ ઉપર મહેંદી લગાવવી, વેસ્ટ માંથી બેસ્ટ બનાવવું, રંગોળી બનાવવી વગેરે જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ કરી શકાય.<br>શાળા અને સમાજનું જોડાણ વધે તે હેતુસર ધ્વજ વંદન માટેની પ્રવિધિનો સ્ટોલ, મેટ્રિકમેલા અંતર્ગત આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવીકે આનંદમેળા, વસ્તુસામગ્રી વેચાણ સ્ટોલ, વ્યવહારમાં ગણિતનો ઉપયોગ વધે તે હેતુસર બાળકોના વજન/ઉંચાઇ માપવી, સર્વાંગી શિક્ષણ ના પાઠ્યપુસ્તકમાં શા.શિ. ના એકમોમાં આપેલા મેદાનના માપ મુજબ મેદાન દોરાવવાની પ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિઓ યોજી શકાશે. |

- આ સાથે મોનીટરીંગ માટેનું મૂલ્યાંકન–મોનીટરીંગ ફ્રોર્મ સામેલ છે. બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા યોજાય તે દરમ્યાન સી.આર.સી.સી., બી.આર.સી.સી., ડાયટના લેકચરરશ્રી, પ્રાચાર્યશ્રી તથા અન્ય મહાનુભવ દ્વારા મોનીટરીંગ કરવાનું રહેશે. તેમજ આ સાથે મોકલવમાં આવેલ મોનીટરીંગ ફ્રોર્મ અવશ્ય ભરવાનું રહેશે સમગ્ર ફ્રોર્મ ડાયટ કક્ષાએ નિભાવવાના રહેશે.
- જિલ્લામાં બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) બાળમેળા યોજાય તે દરમ્યાન ફ્રોટોગ્રાફ્ર તેમજ જુદી જુદી પ્રવૃત્તિઓની વીડીયો ક્લીપ બનાવવાની રહેશે.
- બાળમેળા અને લાઇફ સ્કીલ મેળા યોજવા માટેની ગ્રાન્ટ ફાળવણીનું પત્રક આ સાથે સામેલ છે.
- બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) મેળા માટે આપના દ્વારા વિધાર્થીની સંખ્યા આધારિત મોકલવામાં આવેલ શાળાની સંખ્યા મુજબ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, નગર પ્રા.શિ.સ. સંચાલિત પ્રા. શાળા, મહાનગર પ્રા.શિ.સ. સંચાલિત પ્રા. શાળા, કે.જી.બી.વી., આશ્રમશાળા, મોડેલ સ્કૂલ પ્રત્યેક શાળાને નીચે દર્શાવ્યા મુજબ ગ્રાન્ટ શાળા કક્ષાએ **RTGS** થી ફાળવણી કરવાની રહેશે.

| ક્રમ | વિધાર્થીની સંખ્યા | **(1) શાળા દીઠ** પ્રત્યેક શાળાને રૂા. **500** લેખે ફાળવવી. | **(2) વિધાર્થીની સંખ્યા આધારિત** શાળાને નીચે જણાવ્યા મુજબ રકમ ફાળવવી. | **કુલ રકમ** ફાળવવી. |
|---|---|---|---|---|
| 1 | **1 થી 200** | **રૂા. 500** | **રૂા. 700** | **રૂા. 1200** |
| 2 | **201 થી 400** | **રૂા. 500** | **રૂા. 1200** | **રૂા. 1700** |
| 2 | **401 થી 600** | **રૂા. 500** | **રૂા. 1700** | **રૂા. 2200** |
| 3 | **601 થી 800** | **રૂા. 500** | **રૂા. 2200** | **રૂા. 2700** |
| 4 | **801 થી 1000** | **રૂા. 500** | **રૂા. 2700** | **રૂા. 3200** |
| 5 | **1000 થી 1200** | **રૂા. 500** | **રૂા. 3200** | **રૂા. 3700** |
| 6 | **1200 થી વધુ** | **રૂા. 500** | **રૂા. 3700** | **રૂા. 4200** |

- જિલ્લામાં બાળમેળા/લાઇફસ્કીલમેળા યોજાઇ ગયા બાદ એક માસમાં શાળા કક્ષાના ખર્ચની માહિતી - યુટીલાઝેશન સર્ટી મેળવીને ડાયટ કક્ષાએ નિભાવવાના રહેશે.
- જિલ્લામાં બાળમેળા/લાઇફસ્કીલમેળા યોજાઇ ગયા બાદ દરેક પ્રવૃત્તિની વીડીયો ક્લીપ્સ તેમજ ફોટોગ્રાફ્સ જીસીઇઆરટી દ્વારા આયોજન કરવામાં આવે ત્યારે WE શાખાના લેકચરરે રીવ્યુ બેઠકમાં અચૂક લઇને આવવાનું રહેશે.
- જિલ્લામાં બાળમેળા/લાઇફસ્કીલમેળા યોજાઇ ગયા બાદ તેના ફોટોગ્રાફ્સ/વીડીયો ક્લીપ્સ/ડોક્યુમેન્ટરી અહેવાલ ડાયેટની વેબસાઇટ પર અપલોડ કરવાનો રહેશે. તેમજ જિલ્લાનું ડોક્યુમેન્ટ બનાવવાનું રહેશે. તેના વર્કશોપનો ખર્ચ સેવાકાલિન ગ્રાન્ટ સદરે કરવાનો રહેશે. બાળમેળા/લાઇફસ્કીલ મેળા યોજાઇ ગયા બાદ બે માસમાં જિલ્લાના ડોક્યુમેન્ટની પી.ડી.એફ. જીસીઇઆરટીને મોકલવાની રહેશે.
- બાળમેળા યોજાયા બાદ ડાયટે યુટિલાઇઝેશન સર્ટીફિકેટ જીસીઇઆરટીને દિન-10 માં મોકલવાનું રહેશે.

નોંધ પર માન. નિયામકશ્રીની મળેલ અનુમતિ અનુસાર

**(ડૉ. અવનીબા મોરી)**
**અધિક નિયામક**
જીસીઇઆરટી,
ગાંધીનગર

**બિડાણ:**(1) ગ્રાન્ટ ફાળવણી પત્રક વર્ષ: 2026-2027
(2) બાળમેળા માટે મૂલ્યાંકન–મોનીટરીંગ ફોર્મ
(3) લાઇફ સ્કીલ મેળા માટે મૂલ્યાંકન-મોનીટરીંગ ફોર્મ
(4) વર્ષ:2026-2027 નું બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ

**નકલ જાણ સારુ:–**

- માન. નિયામકશ્રીના અંગત મદદનીશ, જીસીઇઆરટી, ગાંધીનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ (મારફત-ડાયેટ)
- જિલ્લા પ્રોજેકટ કોઓર્ડીનેટરશ્રી, તમામ (મારફત-ડાયેટ)
- શાસનાધિકારીશ્રી, તમામ (મારફત-ડાયેટ)

# Balmela & Lifeskillmela Grant Distribution Year:2026-27 (No of School)

| DIET | | No. Of Schools | | | | | | | | Grant Distribution | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | DIET નું નામ | 1-200 | 201-400 | 401-600 | 601-800 | 801-1000 | 1001-1200 | 1200 above | Total | All Schools | 1-200 | 201-400 | 401-600 | 601-800 | 801-1000 | 1001-1200 | 1200 above | Total | ફાળવેલ ગ્રાન્ટ |
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** | **9** | **10** | **Per Sh 500/-** | **700/-** | **1200/-** | **1700/-** | **2200/-** | **2700/-** | **3200/-** | **3700/-** | **TOTAL** | |
| 1 | Ahmedabad R | 271 | 153 | 59 | 15 | 1 | 1 | 1 | **501** | 250500 | 189700 | 183600 | 100300 | 33000 | 2700 | 3200 | 3700 | **766700** | 766700 |
| 2 | Ahmedabad U | 230 | 252 | 106 | 45 | 15 | 4 | 8 | **660** | 330000 | 161000 | 302400 | 180200 | 99000 | 40500 | 12800 | 29600 | **1155500** | 1155500 |
| 3 | Amreli | 543 | 161 | 48 | 13 | 3 | 0 | 1 | **769** | 384500 | 380100 | 193200 | 81600 | 28600 | 8100 | 0 | 3700 | **1079800** | 1079800 |
| 4 | Anand | 616 | 249 | 140 | 12 | 1 | 1 | 0 | **1019** | 509500 | 431200 | 298800 | 238000 | 26400 | 2700 | 3200 | 0 | **1509800** | 1509800 |
| 5 | Bharuch | 761 | 139 | 19 | 1 | 1 | 0 | 0 | **921** | 460500 | 532700 | 166800 | 32300 | 2200 | 2700 | 0 | 0 | **1197200** | 1197200 |
| 6 | Bhavnanagr | 594 | 297 | 87 | 25 | 7 | 3 | 1 | **1014** | 507000 | 415800 | 356400 | 147900 | 55000 | 18900 | 9600 | 3700 | **1514300** | 1514300 |
| | Botad | 97 | 105 | 30 | 8 | 3 | 2 | 0 | **245** | 122500 | 67900 | 126000 | 51000 | 17600 | 8100 | 6400 | 0 | **399500** | 87800 |
| 7 | Bhuj | 1331 | 304 | 54 | 5 | 0 | 0 | 0 | **1694** | 847000 | 931700 | 364800 | 91800 | 11000 | 0 | 0 | 0 | **2246300** | 2246300 |
| 8 | Dahod | 1121 | 441 | 139 | 40 | 9 | 2 | 0 | **1752** | 876000 | 784700 | 529200 | 236300 | 88000 | 24300 | 6400 | 0 | **2544900** | 2544900 |
| 9 | Gandhinagar | 379 | 180 | 44 | 9 | 1 | 0 | 0 | **613** | 306500 | 265300 | 216000 | 74800 | 19800 | 2700 | 0 | 0 | **885100** | 885100 |
| 10 | Idar | 923 | 250 | 42 | 5 | 0 | 0 | 0 | **1220** | 610000 | 646100 | 300000 | 71400 | 11000 | 0 | 0 | 0 | **1638500** | 1638500 |
| | Arvalli | 1105 | 117 | 6 | 1 | 0 | 0 | 0 | **1229** | 614500 | 773500 | 140400 | 10200 | 2200 | 0 | 0 | 0 | **1540800** | 1540800 |
| 11 | Jamnagar | 556 | 140 | 19 | 4 | 0 | 0 | 0 | **719** | 359500 | 389200 | 168000 | 32300 | 8800 | 0 | 0 | 0 | **957800** | 957800 |
| | Dwarka | 494 | 70 | 14 | 3 | 0 | 2 | 1 | **584** | 292000 | 345800 | 84000 | 23800 | 6600 | 0 | 6400 | 3700 | **762300** | 762300 |
| 12 | Junagadh | 622 | 87 | 12 | 3 | 0 | 0 | 0 | **724** | 362000 | 435400 | 104400 | 20400 | 6600 | 0 | 0 | 0 | **928800** | 928800 |
| | Gir Somnath | 351 | 144 | 44 | 9 | 1 | 0 | 1 | **550** | 275000 | 245700 | 172800 | 74800 | 19800 | 2700 | 0 | 3700 | **794500** | 794500 |
| 13 | Kathlal | 991 | 330 | 64 | 2 | 0 | 0 | 0 | **1387** | 693500 | 693700 | 396000 | 108800 | 4400 | 0 | 0 | 0 | **1896400** | 1896400 |
| 14 | Mahesana | 632 | 298 | 56 | 8 | 4 | 1 | 0 | **999** | 499500 | 442400 | 357600 | 95200 | 17600 | 10800 | 3200 | 0 | **1426300** | 1426300 |
| 15 | Navsari | 581 | 97 | 3 | 4 | 1 | 0 | 0 | **686** | 343000 | 406700 | 116400 | 5100 | 8800 | 2700 | 0 | 0 | **882700** | 882700 |
| 16 | Palanpur | 1511 | 652 | 184 | 49 | 5 | 2 | 1 | **2404** | 1202000 | 1057700 | 782400 | 312800 | 107800 | 13500 | 6400 | 3700 | **3486300** | 3486300 |
| 17 | Patan | 527 | 232 | 52 | 7 | 1 | 1 | 0 | **820** | 410000 | 368900 | 278400 | 88400 | 15400 | 2700 | 3200 | 0 | **1167000** | 1167000 |
| 18 | Porbander | 246 | 49 | 6 | 0 | 1 | 1 | 0 | **303** | 151500 | 172200 | 58800 | 10200 | 0 | 2700 | 3200 | 0 | **398600** | 398600 |
| 19 | Rajkot | 708 | 204 | 37 | 11 | 8 | 1 | 0 | **969** | 484500 | 495600 | 244800 | 62900 | 24200 | 21600 | 3200 | 0 | **1336800** | 1336800 |
| | Morbi | 405 | 143 | 31 | 5 | 0 | 0 | 1 | **585** | 292500 | 283500 | 171600 | 52700 | 11000 | 0 | 0 | 3700 | **815000** | 815000 |
| 20 | Rajpipla | 674 | 50 | 4 | 0 | 0 | 0 | 0 | **728** | 364000 | 471800 | 60000 | 6800 | 0 | 0 | 0 | 0 | **902600** | 902600 |
| 21 | Santrampur | 1069 | 142 | 14 | 0 | 0 | 0 | 0 | **1225** | 612500 | 748300 | 170400 | 23800 | 0 | 0 | 0 | 0 | **1555000** | 1555000 |
| | Pamchmahal | 1037 | 331 | 42 | 9 | 0 | 2 | 0 | **1421** | 710500 | 725900 | 397200 | 71400 | 19800 | 0 | 6400 | 0 | **1931200** | 1931200 |
| 22 | Surat | 853 | 200 | 100 | 63 | 42 | 24 | 15 | **1297** | 648500 | 597100 | 240000 | 170000 | 138600 | 113400 | 76800 | 55500 | **2039900** | 2039900 |
| | Tapi | 795 | 50 | 7 | 2 | 1 | 0 | 0 | **855** | 427500 | 556500 | 60000 | 11900 | 4400 | 2700 | 0 | 0 | **1063000** | 1063000 |
| 23 | Surendranagar | 551 | 271 | 40 | 10 | 0 | 0 | 0 | **872** | 436000 | 385700 | 325200 | 68000 | 22000 | 0 | 0 | 0 | **1236900** | 1236900 |
| 24 | Vadodra | 893 | 213 | 46 | 19 | 2 | 0 | 0 | **1173** | 586500 | 625100 | 255600 | 78200 | 41800 | 5400 | 0 | 0 | **1592600** | 1592600 |
| | Chotaudepur | 1176 | 97 | 18 | 1 | 0 | 0 | 0 | **1292** | 646000 | 823200 | 116400 | 30600 | 2200 | 0 | 0 | 0 | **1618400** | 1618400 |
| 25 | Valsad | 792 | 174 | 28 | 9 | 1 | 2 | 0 | **1006** | 503000 | 554400 | 208800 | 47600 | 19800 | 2700 | 6400 | 0 | **1342700** | 1342700 |
| 26 | Waghai | 333 | 61 | 7 | 1 | 0 | 0 | 0 | **402** | 201000 | 233100 | 73200 | 11900 | 2200 | 0 | 0 | 0 | **521400** | 521400 |
| | **TOTAL** | **23768** | **6683** | **1602** | **398** | **108** | **49** | **30** | **32638** | **16319000** | **16637600** | **8019600** | **2723400** | **875600** | **291600** | **156800** | **111000** | **45134600** | **44822900** |

# ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

**બાળમેળો વર્ષઃ 2026-2027**

**મૂલ્યાંકન/મોનીટરીંગ ફોર્મ**

**તારીખ:.................................**

**શાળાનું નામઃ .........................................................................................................................**

**જિલ્લોઃ ....................................તાલુકોઃ .......................................... કલસ્ટરઃ .....................................**

**બાળમેળામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યાઃધો. ૧ થી ૫ઃ કુમાર- .............કન્યાઃ ......................કુલ............**

**નિરીક્ષણનો સમયગાળોઃ ............................. થી ....................................**

| **ક્રમ** | **વિધાન** | **હા / ના** |
|---|---|---|
| ૧ | બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે. | |
| ૨ | શાળાના આચાર્ય દ્વારા બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. | |
| ૩ | બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે. | |
| ૪ | બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. | |
| ૫ | બી.આર.સી. , સી.આર.સી., નિરીક્ષકો અને ડાયટ દ્વારા બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે. | |
| ૬ | બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલછે. | |
| ૭ | બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. | |
| ૮ | બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. | |
| ૯ | બાળમેળા સંદર્ભે સૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે. | |
| ૧૦ | બાળમેળા દ્વારા બાળકો સ્વયં સ્ફૂરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. | |
| ૧૧ | બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં સર્જનાત્મકતા  વધુ સારી રીતે ખીલવી શકાયછે. | |
| ૧૨ | બાળમેળાની પ્રવૃત્તિઓ વિધાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. | |
| ૧૩ | બાળમેળાકાર્યક્રમના દસ્તાવેજીકરણની વ્યવસ્થા કરવામાં આવેલ છે. | |
| ૧૪ | બાળમેળા દરમ્યાન એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે. | |
| ૧૫ | બાળમેળા દરમ્યાન શિક્ષકો તથા વિધાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલછે. | |
| ૧૬ | બાળમેળાની એક દિવસની સમયમર્યાદા શાળા કક્ષાએ વધારવી જોઇએ. | |
| ૧૭ | બાળમેળા દરમ્યાન વિધાર્થીઓ–શિક્ષકો–શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. | |
| ૧૮ | સમગ્ર બાળમેળોનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. | |

મોનીટરીંગ કરનારનું નામઃ ............................................................ સહી...........................

હોદોઃ ............................................................................................ સંસ્થાનું નામઃ ................................................................................

# ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ , ગાંધીનગર

**લાઇફ સ્કીલ બાળમેળો વર્ષ: 2026-2027**

**મૂલ્યાંકન/મોનીટરીંગ ફોર્મ**

**તારીખઃ .............................**

**શાળાનું નામઃ .....................................................................................................................................**

**જિલ્લોઃ ........................................તાલુકોઃ ........................................... કલસ્ટરઃ .....................................**

**લાઇફ સ્કીલ બાળમેળામાં ભાગ લેનાર વિધાર્થીઓની સંખ્યાઃ ધો.૬ થી ૮ કુમાર-.........કન્યાઃ ..........કુલઃ.............**

**નિરીક્ષણનો સમયગાળોઃ .................. થી .......................**

| ક્રમ | વિધાન | હા/ના |
|---|---|---|
| ૧ | લાઇફ સ્કીલબાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે. | |
| ૨ | શાળાના આચાર્ય દ્વારા લાઇફ સ્કીલબાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. | |
| ૩ | લાઇફ સ્કીલ બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે. | |
| ૪ | લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. | |
| ૫ | બી.આર.સી.,સી.આર.સી., નિરીક્ષકો અને ડાયટ લેકચરર્સ દ્વારા લાઇફ સ્કીલ બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે. | |
| ૬ | લાઇફ સ્કીલ બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલછે. | |
| ૭ | લાઇફ સ્કીલ બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. | |
| ૮ | લાઇફ સ્કીલ બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. | |
| ૯ | લાઇફ સ્કીલ બાળમેળાસંદર્ભે સૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે. | |
| ૧૦ | લાઇફ સ્કીલ બાળમેળાદ્વારા બાળકો સ્વયં સ્ફૂરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. | |
| ૧૧ | લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જીવનકૌશલ્યો વધુ સારી રીતે ખીલવી શકાય છે. | |
| ૧૨ | લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ વિધાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. | |
| ૧૩ | લાઇફ સ્કીલ બાળમેળા પૂર્ણ થયે બાળકોના વિવિધ પ્રવૃત્તિ સંદર્ભે અનુકાર્ય કરવામાં આવેલ છે. | |
| ૧૪ | લાઇફ સ્કીલ બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરુરી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | |
| ૧૫ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન એસએમસીના સભ્યોનો સહકારમેળવવામાં આવેલ છે. | |
| ૧૬ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન શિક્ષકો તથા વિધાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલછે. | |
| ૧૭ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન વિધાર્થીઓ-શિક્ષકો-શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. | |
| ૧૮ | સમગ્ર લાઇફ સ્કીલ બાળમેળાનો હેતુ સિદ્ધ થતો જોવા મળ્યો. | |

મોનીટરીંગ કરનારનું નામઃ ............................................................... સહી...........................

હોદોઃ ............................................................................................ સંસ્થાનું નામઃ ....................................................................................

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન. ........................ જિલ્લાનું નામ:.........................**

## બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ

## વર્ષ: 2026-2027

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, (જીસીઇઆરટી) ગાંધીનગર દ્વારા વર્ષ:2026-2027 માં જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળમેળા અને લાઇફસ્કીલ મેળા યોજવા માટે ઇડીએન-12-અપેન્ડીક્ષ-6 અન્વયે કુલ રૂા........................................ (અંકે રૂપિયા .................................... .................. ............. ......... ...........................................) પુરાની ગ્રાન્ટ મળેલ હતી. જે અન્વયે નીચે જણાવ્યા મુજબ કુલ રૂા........................................ (અંકે રૂપિયા ........................................................................................................ ........................) પુરાનો ખર્ચ કરવામાં આવેલ છે. સદર ગ્રાન્ટ બાળમેળાના આયોજન પૂર્વે શાળાને આર.ટી.જી.એસ.થી ફાળવણી કરવામાં આવેલ હતી. તેમજ સદર ગ્રાન્ટનો ઉપયોગ બાળમેળા અને લાઇફસ્કીલ મેળાના હેતુ માટે જ કરવામાં આવેલ છે.

| ઇડીએન-૧૨ હેડ | જીસીઇઆરટી દ્વારા કુલ મળેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | ઉપાડેલ રકમ પૈકી બચત રકમ ચલણથી જમા કરાવી હોય તો તે રકમ અને ચલણ ભર્યાની તારીખ (નકલ જોડવી) | ન ઉપાડેલ સરન્ડર કરવાની થતી હોય તો તે રકમ |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| **09-જનરલ** | | | | |
| **95-એસ.સી.એસ.પી.** | | | | |
| **96-ટી.એ.એસ.પી.** | | | | |
| **કુલ** | | | | |

**નોંધ:** (૧) બચત રકમનું ચલણ ભર્યું હોય તો તેની નકલ સાથે જોડવી અને બચતના કારણો આપવા
(૨) જો બચત ગ્રાન્ટ સરન્ડર કરી હોય તો બચતના કારણો આપવા

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| મુલાકાત લીધેલ લેકચરરની સંખ્યા લખવી → | | મુલાકાત લીધેલ સી.આર.સી.સી.ની સંખ્યા લખવી) → | | મુલાકાત લીધેલ બી.આર.સી.સી.ની સંખ્યા લખવી → | | અન્ય મહાનુભાવોની સંખ્યા લખવી → | |
| મુલાકાત લીધેલ કુલ શાળાઓની સંખ્યા લખવી. → | | મુલાકાત લીધેલ કુલ શાળાઓની સંખ્યા લખવી. → | | મુલાકાત લીધેલ કુલ શાળાઓની સંખ્યા લખવી. → | | મુલાકાત લીધેલ કુલ શાળાઓની સંખ્યા લખવી. → | |

કુલ કેટલી શાળામાં બાળમેળા/લાઇફસ્કીલ મેળા યોજાયેલ છે. શાળાની સંખ્યા લખવી. ...................................

**તારીખ: .............................** **પ્રાચાર્યની સહી અને સિક્કો.................................**

(સદર યુટીસી gcerttraining@gmail.com ઉપર ઇમેલ કરવું)